# BHAVAN'S COLLEGE, DAKOR.

## B.COM. SEMESTER - I

# BUSINESS ORGANISATION
# &
# MANAGEMENT - I

**Paper Code : UB01CCOM52**

## ધંધાકીય વ્યવસ્થા અને સંચાલન - ૧

**Prof. D. V. Surti**

# Unit : 2 Planning & Decision Making

## આયોજન અને નિર્ણય ઘડતર

* **આયોજનનો અર્થ** :

આયોજન એ સંચાલનનું પ્રથમ કાર્ય છે. ધંધાના હેતુઓ પર પાડવા માટે સંચાલન આવશ્યક છે અને સંચાલનની સફળતા માટે આયોજન જરૂરી છે. ધંધાની સફળતા માટે ભવિષ્યમાં શું કરવાનું છે, કયાં, ક્યારે અને કેવી રીતે કરવાનું છે તે માટે ચોક્કસ આયોજન કરવું પડે છે. વળી, ધ્યેય સિધ્ધ કરવા માટેના અનેક વિકલ્પો હોય ત્યારે આયોજન કરવું જ પડે છે.

આયોજનનો અભાવ હોય તો અનિશ્ચિતતા, સમય અને શક્તિનો બગાડ અને સાધનોનો દુરૂપયોગ થવાનો સંભવ રહેલો છે. આથી, આયોજન કરવાથી કટોકટીનો સામનો કરી શકાય છે, સંજોગો બદલાતા પરિવર્તન પણ કરી શકાય છે તેમજ નક્કી કરેલા હેતુઓ સફળતાપૂર્વક પર પાડી શકાય છે. આયોજન એક વિશિષ્ટ પ્રકારની નિર્ણય કરવાની પ્રક્રિયા છે, એટલું જ નહિ પરંતુ આયોજન એક સભાન અને બુદ્ધિપૂર્વકની પ્રક્રિયા છે.

⁕ **આયોજનની વ્યાખ્યા :**

(૧) શ્રી હેન્રી ફેયોલ -

“ આયોજન એ ભાવિ કાર્ય પ્રવૃત્તિઓ અંગેનું અવલોકન છે.”

(૨) શ્રી ઉર્વિક -

“ આયોજન એ મુખ્યત્વે બૌદ્ધિક પ્રક્રિયા છે. કાર્યો વ્યવસ્થિત રીતે કરવા, કામગીરી ઉપાડતા પહેલા વિચારણા કરવી અને કોરા અનુમાનોને બદલે નક્કર હકીકતોને આધારે પગલાં લેવા તેનું નામ આયોજન. ”

(૩) ડૉ. જ્યોર્જ આર. ટેરી -

“ આયોજન એટલે હકીકતો એકત્ર કરીને, તેમની વચ્ચે સંબંધો સ્થાપિત કરવા ઈચ્છિત પરિણામો હાંસલ કરવા માટે જરૂરી પ્રવૃત્તિઓનો સ્પષ્ટ ચિતાર મેળવવા માટે ભવિષ્યને લગતી ધારણાઓ કરવી અને તેમનો ઉપયોગ કરવો તે.”

## * <u>આયોજનના લક્ષણો</u> :

(૧) આયોજન વ્યાપક છે

(૨) સંચાલનનું સર્વપ્રથમ કાર્ય

(૩) સભાન અને બૌદ્ધિક પ્રવૃત્તિ

(૪) સતત, કાયમી પ્રક્રિયા

(૫) આયોજન પરિવર્તનશીલ

(૬) આયોજનમાં ચોકસાઈ છે

(૭) પૂર્વાનુમાન અનિવાર્ય છે

(૮) વિકલ્પોની પસંદગી

(૯) ભવિષ્ય સાથે સંબંધ

(૧૦) ધ્યેયલક્ષી પ્રવૃત્તિ

(૧૧) નિર્ણય પ્રક્રિયા આવશ્યક

* **<u>આયોજનના ફાયદા / મહત્વ</u> :**

(૧) બધી પ્રવૃત્તિ વ્યવસ્થિત થાય

(૨) બગાડ અટકાવી કરકસર કરી શકાય

(૩) ભાવિ ફેરફારો, અનિશ્ચિતતા સામે રક્ષણ

(૪) ધ્યેય સિધ્ધ કરવા ઉપયોગી

(૫) ચોકસાઈમાં વધારો

(૬) સંચાલનના બીજા કાર્યો કરવાનું શક્ય

(૭) અંકુશ અને મૂલ્યાંકન સરળ બનાવે

(૮) ધંધાનું ચિત્ર સંપૂર્ણ અને સ્પષ્ટ બનાવે

(૯) કર્મચારીઓનો સહકાર શક્ય બનાવે

(૧૦) જુદી જુદી પ્રવૃત્તિઓ વચ્ચે સમતુલા

## * <u>આયોજનની મર્યાદાઓ</u> :

(૧) આયોજનનો પાયો અનિશ્ચિત

(૨) ખર્ચાળ પ્રક્રિયા

(૩) લાંબી પ્રક્રિયા

(૪) સંચાલનમાં જડતા લાવે

(૫) આયોજન બિનજરૂરી છે

(૬) બાહ્ય પરિસ્થિતિની અચોક્કસતા

(૭) અપૂરતી માહિતીથી નુકશાન

(૮) કર્મચારીના સ્વાતંત્ર્ય પર તરાપ

(૯) ખામી ભરેલી પદ્ધતિઓનો ઉપયોગ

(૧૦) ટેક્નોલોજીના ફેરફારો

(૧૧) ધંધાની પ્રણાલિકાઓ

* **<u>આયોજનના ઘટકો</u> :**

(૧) ધ્યેય

(૨) નીતિ

(૩) વિધિઓ

(૪) નિયમો

(૫) બજેટ

(૬) કાર્યક્રમો

(૭) વ્યૂહરચના

* **<u>આયોજનની પ્રક્રિયાના તબક્કાઓ</u> :**

(૧) ધ્યેય નક્કી કરવું

(૨) આધારો નક્કી કરવા

(૩) માહિતીનું એકત્રીકરણ, વિશ્લેષણ અને વર્ગીકરણ

(૪) વૈકલ્પિક યોજનાઓ ઘડવી

(૫) વિકલ્પોનું મૂલ્યાંકન કરવું

(૬) યોજનાની પસંદગી કરવી

(૭) ગૌણ યોજનાનું નિર્માણ કરવું

(૮) યોજનાની પ્રગતિની ચકાસણી કરવી

(૯) યોજનાનો અમલ

(૧૦) અવલોકન અને મૂલ્યાંકન

# * <u>નિર્ણય ઘડતર</u> :

* **<u>અર્થ</u>** :

ધંધામાં સંચાલનનું મહત્વ છે. સંચાલનમાં આયોજન અગત્યનું છે અને આયોજનમાં નિર્ણય લેવાનું કાર્ય અતિ અગત્યનું છે. નિર્ણય લેવાની પ્રક્રિયા એ આયોજનનો સૌથી મહત્વનો ભાગ છે. આયોજનમાં અનેક યોજનાઓ, કાર્યક્રમો અને વિધિઓ નક્કી થાય છે. આ ઉપરાંત સંચાલકોએ અનેક પ્રકારના નિર્ણયો લેવાના હોય છે. સંચાલકો જે કઈ કરે છે તે નિર્ણય ઘડતર દ્વારા જ કરે છે.

નિર્ણય ઘડતરમાં કોઈ સમસ્યા અંગે અનેક વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ થાય છે. નિર્ણય લેતી વખતે અનેક પ્રશ્નો ઉભા થાય છે. તેના અનેક વિકલ્પો હોય છે અને તેમાંથી શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી કરી ધંધાની કોઈ બાબત અંગેનો નિર્ણય લેવો પડે છે.

નિર્ણય પ્રક્રિયા એ સંચાલનનો પર્યાય છે. સંચાલન એટલે જ અસરકારક નિર્ણયો.

## * <u>નિર્ણય ઘડતરની વ્યાખ્યા</u> :

(૧) શ્રી કુન્ત્ઝ અને ઓ'ડોનેલ -

" નિર્ણય પ્રક્રિયા એ વિભિન્ન વિકલ્પોમાંથી કોઈ એકની ખરેખર પસંદગી છે, જે સંચાલનનો આત્મા છે."

(૨) શ્રી ડાલ્ટન મેક્ફરલેન્ડ -

" નિર્ણય ઘડતર, પસંદગી કરવાનું એક કાર્ય છે, જેના દ્વારા વહીવટી અધિકારી અથવા વ્યવસ્થાતંત્ર અનેક વિકલ્પોમાંથી કોઈ એક સ્થિતિ અથવા પ્રવૃત્તિની પસંદગી કરે છે."

(૩) ડૉ. જ્યોર્જ આર. ટેરી -

" બે કે વધુ શક્ય વિકલ્પોમાંથી અમુક ધોરણોને આધારે કોઈ એક વર્તનવિષયક વિકલ્પની પસંદગી  કરવી તેને નિર્ણય પ્રક્રિયા કે નિર્ણય ઘડતર કહેવાય છે."

## ✳ <u>નિર્ણય ઘડતરના લક્ષણો</u> :

(૧) સંચાલનનું મહત્વનું કાર્ય

(૨) પ્રશ્નો, સમસ્યાઓ, સંઘર્ષ અને વિવાદો સાથે સંબંધ

(૩) વિકલ્પોને લીધે નિર્ણય લેવાય

(૪) આયોજનનું અંગ

(૫) બૌદ્ધિક પ્રક્રિયા

(૬) સમજપૂર્વકની વિચારણા

(૭) હકારાત્મક અને નકારાત્મક નિર્ણયો

(૮) ગાણિતિક પદ્ધતિઓનો ઉપયોગ

(૯) હકીકતો પર આધારિત

* ## નિર્ણય ઘડતરની પ્રક્રિયા કે તબક્કાઓ :

(૧) સમસ્યાનું સ્પષ્ટીકરણ

(૨) સમસ્યાનું વિશ્લેષણ

(૩) માહિતીનું એકત્રીકરણ અને વર્ગીકરણ

(૪) વિકલ્પોની શોધ

(૫) વિકલ્પોની તુલના

(૬) વિકલ્પની પસંદગી

(૭) નિર્ણયનું અમલીકરણ અને મૂલ્યાંકન

* ## નિર્ણયોના પ્રકારો :

(૧) પાયાના નિર્ણયો અને રોજિંદા નિર્ણયો

(૨) વ્યવસ્થાતંત્રના નિર્ણયો અને વ્યક્તિગત નિર્ણયો

(૩) કાર્યક્રમિક નિર્ણયો અને અકાર્યક્રમિક નિર્ણયો

(૪) આયોજિત નિર્ણયો અને બિનઆયોજિત નિર્ણયો

(૫) નીતિવિષયક નિર્ણયો અને કાર્યકારી નિર્ણયો

(૬) સામાન્ય નિર્ણયો અને વ્યૂહાત્મક નિર્ણયો

(૭) વ્યક્તિગત નિર્ણયો અને જૂથ નિર્ણયો

* THANK YOU *